# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-03-2024** **Morning : 7.10 to 7.20**

**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

- **ભારતે અમદાવાદમાં શહેરી વસવાટ અને ગતિશીલતામાં સુધારો કરવા માટે એશિયન ડેવલપમેન્ટ બેંક સાથે 18 અબજ 10 કરોડ ડોલરની લોન પર હસ્તાક્ષર કર્યા છે.**
- **સેમી કન્ડકટર નિર્માણ ક્ષેત્રે આત્મનિર્ભર બનશે ગુજરાત – ધોલેરા અને સાણંદમાં સ્થપાનાર બંને યુનિટોથી રોજગારીના અવસરો વધશે.**
- **આગામી લોકસભા ચૂંટણી માટે ભાજપ દ્વારા ગુજરાતના સાત સહિત 72 ઉમેદવારોની યાદી જાહેર**
- 10માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્ય સરકાર દ્વારા ગુજરાતભરમાં "યોગોત્સવ"તરીકે ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવશે.
- વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ સિધ્ધપુર ખાતે પ્રાચીન સરસ્વતી નદીમાં જળસંચયની કામગીરીનો શુંભારંભ કરાવ્યો છે.
- કિડની રોગના વધતા જોખમો અંગે જાગૃતિ લાવવા આજે વિશ્વ કિડની દિવસની થઇ રહી છે ઉજવણી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# ASIAN DEV. BANK LOAN

ભારતે અમદાવાદમાં શહેરી વસવાટ અને ગતિશીલતામાં સુધારો કરવા માટે ગઇકાલે એશિયન ડેવલપમેન્ટ બેંક-ADB સાથે 18 અબજ 10 કરોડ ડોલરની લોન પર હસ્તાક્ષર કર્યા છે.

આ લોન ગ્રામીણથી શહેરી એટલે કે ઉપ-શહેરી વિસ્તારોના વિકાસ માટે નાણાં પૂરાં પાડશે. નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે અમદાવાદ પેરી-અર્બન લાઇવએબિલિટી ઇમ્પ્રૂવમેન્ટ પ્રોજેક્ટ હેઠળ 166 કિલોમીટર પાણી વિતરણ નેટવર્ક, 126 કિલોમીટર આબોહવા-મૈત્રીપૂર્ણ સ્ટોર્મ વોટર ડ્રેઇન્સ, 300 કિલોમીટર ગટર વ્યવસ્થા અને ચાર સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ અમદાવાદના ઉપ-શહેરી વિસ્તારોની કનેક્ટિવિટી સુધારવા માટે હાલના સરદાર પટેલ રિંગ રોડ સાથે 10 જંકશન સુધારણાને પણ સમર્થન આપશે.

પેરી-અર્બન પ્રોજેક્ટ જાહેર-ખાનગી ભાગીદારી દ્વારા ઔદ્યોગિક ઉપયોગ માટે ટ્રીટેડ ગટરના રિસાયક્લિંગના વિકાસને ટેકો આપશે. મંત્રાલયે કહ્યું કે આનાથી શહેરી ગરીબો, મહિલાઓ અને સ્થળાંતર કામદારોને વધુ સારી શહેરી સેવાઓ અને શહેરી વહીવટી દ્વારા ફાયદો થશે.

---------------------------------------------------------------------

-પુલ, જયેશ વેગડા -(નવીન)

# Prime Minister Semi Conductor

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે 'ઇન્ડિયાઝ ટેકેડઃ ચિપ્સ ફોર વિકસિત ભારત' કાર્યક્રમમાં વર્ચ્યુઅલી અંદાજે સવા લાખ કરોડ રૂપિયાની ૩ સેમિકન્ડક્ટર સુવિધાઓનું ભૂમિપૂજન કરાવ્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, મેડ ઇન ઇન્ડિયા અને ડિઝાઇન ઇન ઇન્ડિયા ચિપ્સ ભારતને આત્મ નિર્ભર અને આધુનિકીકરણ તરફ લઈ જવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

વધુમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, અત્યારે ભારત દુનિયામાં મોબાઇલનું બીજું સૌથી મોટું ઉત્પાદન કરે છે. ભારતના ક્વોન્ટમ મિશનની શરૂઆત કરાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રણ સેમિકન્ડક્ટર સુવિધાઓમાં ગુજરાતમાં ધોલેરા અને સાણંદ તેમજ આસામમાં મોરેગાંવનો સમાવેશ થાય છે.

અમદાવાદના ધોલેરા ખાતે ટાટા ઇલેક્ટ્રોનિક્સ પ્રાઇવેટ લિમિટેડના કમર્શિયલ સેમિકન્ડક્ટર ફેબના ખાતમુહૂર્ત પ્રસંગે કેન્દ્રીયમંત્રી અશ્વિની વૈષ્ણવ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે રાજ્યના કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂત સાણંદ ખાતે સીજી પાવરના OSAT ફેસિલિટીના ખાતમુહૂર્ત પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે સેમીકન્ડકટર જેવા ઉભરતા ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે અલગ સેમીકન્ડકટર પોલીસી બનાવનારું ગુજરાત પ્રથમ રાજ્ય છે. ધોલેરા અને સાણંદમાં સ્થપાનાર બંને યુનિટોથી રોજગારીના અવસરો ઉભા થશે, તેમ તેમણે જણાવ્યું હતું.

-------

-રીપીટ

# PM- SURAJ PORTAL- DISTRICT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે વર્ચ્યુઅલી સમગ્ર દેશમાં "સામાજિક ઉત્થાન તથા રોજગારલક્ષી લોક કલ્યાણ વેબ પોર્ટલ- એટલે કે પીએમ સૂરજ પોર્ટલનો શુભારંભ કરાવ્યો. દેશના 522 જેટલા જિલ્લાઓ આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી જોડાયા હતા. સાબરકાંઠા જિલ્લામાં અન્ન નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી ભીખુસિંહજી પરમારની ઉપસ્થિતિમાં સામાજિક ઉત્થાન અને રોજગાર આધારીત જન કલ્યાણ (PM SU-RAJ) પોર્ટલ લોન્ચિંગ કાર્યક્રમ હિંમતનગર ખાતે યોજાયો હતો.

અમારા સાબરકાંઠાના પ્રતિનિધિ જણાવે છે કે કાર્યક્રમ અંતર્ગત જીલ્લામાં વિવિધ યોજનાઓ હેઠળ કુલ ૨હજાર ૪૭૧ સફાઇ કામદાર લાભાર્થીઓને ૨૪૬૪.૭૧ લાખ રૂપિયાની ઋણ સહાય આપવામાં આવી છે.

અમારા ગીર સોમનાથના પ્રતિનિધિ રાજેશ ભજગોતરના જણાવે છે કે સોમનાથ રામમંદિર ઑડિટોરિયમ ખાતે વંચિત વર્ગો માટે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લાનાં ૧૯૭ લાભાર્થીઓને ૭.૪૬ કરોડ રૂપિયાથી વધુની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પંચમહાલ જીલ્લાના ગોધરા ખાતે PM-SURAJ યોજના અંતર્ગત જિલ્લા પંચાયત પ્રમુખનાં અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાઈ ગયો.

અમારા પંચમહાલના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે, કાર્યક્રમમાં કલેક્ટરશ્રી એ વાંચીતો ના વિકાસ અર્થે ચાલી રહેલી યોજનાઓની મહિતી આપતા જણાવ્યુ કે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાત સફાઈ કામદાર નિગમે ૭૮ લાખ જેટલી સહાય લાભાર્થીઓને આપવામાં આવી છે.

અમારા ભાવનગરના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે PM-SURAJ પોર્ટલ વિમોચન કાર્યક્રમમાં ૭.૭૯ કરોડ રૂપિયાના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લાના વંચિત વર્ગો માટે કેડિટ સપોર્ટ હેઠળ ૧૭ જેટલા લાભાર્થીઓને ૧૯.૩૭ લાખ રૂપિયાની લોનની રકમ આપવામાં આવી છે.

---

**- પીટીસી સાબરકાંઠા ગિરસોમનાથ પંચમહાલ ભાવનગર, કરણ, નવીન**

# BJP CANDIDATES

આગામી લોકસભા ચૂંટણી માટે ભાજપ દ્વારા ગુજરાતના સાત સહિત કુલ 72 ઉમેદવારોની યાદી જાહેર કરી છે.

રાજ્યમાંથી વડોદરાથી રંજનબેન ભટ્ટને ફરીથી પસંદ કરાયા છે તો અમદાવાદ પૂર્વથી હસમુખ પટેલની પણ ફરીથી પસંદગી કરાઇ છે. છોટા ઉદેપુરથી જશુભાઈ રાઠવા, વલસાડથી ધવલ પટેલ, સુરતથી મુકેશ દલાલ, સાબરકાંઠાથી ભીખાજી ઠાકોર અને ભાવનગરથી નિમુબેન બંભાણિયાને ભાજપ ઉમેદવાર તરીકે પસંદ કરાયા છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરાનગર હવેલી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર કલાબેન ડેલકરની પસંદગી કરાઇ છે.

ઉલ્લેખનીય છે કે, બે દિવસ અગાઉ કોંગ્રેસ દ્વારા આગામી લોકસભા ચૂંટણી પહેલા બહાર પડાયેલી બીજી ઉમેદવારોની યાદીમાં ગુજરાતના સાત સભ્યોની પસંદગી થઇ છે. જેમાં કચ્છથી નીતેશ લાલન, બનાસકાંઠાથી ગેનીબેન ઠાકોર, અમદાવાદ પૂર્વથી રોહન ગુપ્તા, અમદાવાદ પશ્ચિમથી ભરત મકવાણા, પોરબંદરથી લલિતભાઈ વસોયા, બારડોલીથી સિદ્ધાર્થભાઈ ચૌધરી, વલસાડથી અનંત પટેલની પસંદગી કરાઇ છે.

---------------------------------------------------------------------

-ડેસ્ક, રૂપલ -(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# YOG DIVAS

10માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની  રાજ્ય સરકાર દ્વારા ગુજરાતભરમાં "યોગોત્સવ"તરીકે  ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવશે. યોગ દિવસની ઉજવણી પૂર્વે ગાંધીનગર ખાતે રમત-ગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટે "100 Days to Go" કાઉન્ટ ડાઉનની શરૂઆત કરાવી હતી.

મંત્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આગામી 21 જૂનના રોજ ભારત-પાકિસ્તાનની બોર્ડર – નડાબેટ ખાતે લાખો નાગરીકો યોગાભ્યાસ કરીને 'યોગોત્સવ'ની ભવ્યાતિભવ્ય ઉજવણી કરશે. આ ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા યોગ દિવસ પૂર્વે આગામી 100 દિવસ સુધી રાજ્યભરમાં યોગ તાલીમના 100 જેટલા કાર્યક્રમો યોજાશે. સાથે-સાથે ગુજરાતની તમામ જેલોમાં પણ 100 દિવસ સુધી દરેક બંદીવાન ભાઇઓ-બહેનો અને જેલના સ્ટાફને યોગના લાભ અને યોગની સમજૂતી ઉપરાંત જીવનમાં સકારાત્મકતા લાવવા યોગના તાલીમ કાર્યક્રમો પણ યોજાશે. મંત્રીશ્રીએ યોગસેવકોને અનુરોધ કરતા કહ્યું હતું કે, દેશની ઋષિ પરંપરા 'યોગ'ને ગુજરાતના ઘર-ઘર સુધી પહોંચાડવાની ગુજરાત સરકારે નેમ લીધી છે. રાજ્ય સરકારના યોગ બોર્ડ દ્વારા છેલ્લા એક વર્ષમાં 100થી વધુ યોગ કોચ અને 20,000થી વધુ યોગ ટ્રેનરો તૈયાર કર્યા છે. આ 100 દિવસ દરમિયાન રાજ્યના યોગસેવકોથી પ્રેરિત થઈને રાજ્યના વધુમાં વધુ નાગરીકો યોગ સાથે જોડાય તે માટેના પ્રયત્નો કરવા જોઈએ. સાથે જ તેમણે આ વર્ષના યોગ દિવસની ઉજવણીને પણ જનસહયોગ થકી સફળ બનાવવા સૌને સંકલ્પબદ્ધ થવા જણાવ્યું હતું.

---

-માહિતી, રૂપલ -(નવીન)

# PATAN_SHANKAR CHAUDHARI

વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ સિધ્ધપુર ખાતે પ્રાચીન સરસ્વતી નદીમાં જળસંચયની કામગીરીનો શુંભારંભ કરાવ્યો છે.

રાજય સરકાર દ્વારા ધોળકિયા ફાઉન્ડેશનના સહયોગથી વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં સરસ્વતી નદીમાં જળસંચય ની કામગીરી અને ખાતમુર્હુત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે સિદ્ધપુર દેવોની ભૂમિ છે. જેનો ઉલેખ્ખ આપણાં વેદોમાં પણ છે. સરસ્વતી નદીમાં જળસંચયના શુભ કામ કરવાનું કાર્ય થઈ રહ્યું છે. હિન્દુસ્તાનનો સુવર્ણ ઇતિહાસ પાટણની પ્રભુતામાં જોઈ શકાય છે.

આ પ્રસંગે કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે. સરસ્વતી નદીમાં જળ સંચયની કામગીરીનો શુભારંભ થયો છે સરસ્વતી નદી ત્રણ મીટર ઊંડી થશે અને તેના પર ભવ્ય ઘાટ બનવાથી સુંદરતાનું નિર્માણ થશે અને ધાર્મિક કાર્યો સુખરૂપ સંપન્ન થશે.

-----------------------------------------------------------------------

-ડીડી, રૂપલ -(નવીન)

# WORLD KIDNEY DAY

આજે વિશ્વ કિડની દિવસ છે. દર વર્ષે માર્ચ માસના બીજા ગુરુવારે લોકોમાં કિડનીના સ્વાસ્થ્ય અને તેના સામાન્ય કાર્યને અસર કરતા વિવિધ રોગો વિશે જાગૃતિ લાવવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષનો વિષય બધા માટે કિડની આરોગ્ય છે, જે ક્રોનિક કિડની રોગના વધતા જોખમો અને વિવિધ સ્તરે આ પડકારોને પહોંચી વળવા માટે કિડનીની યોગ્ય કાળજી લેવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કિડની એ શરીરના સૌથી મહત્વપૂર્ણ અંગોમાંથી એક છે અને તે ઝેરી તત્વોને દૂર કરીને શરીરને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે.

એઈમ્સ નવી દિલ્હીના નેફ્રોલોજી વિભાગના વડા ડો. દીપાંકર ભૌમિકે આકાશવાણી સાથે વાત કરતાં જણાવ્યું હતું કે કિડનીની વિકૃતિના કેટલાક લક્ષણોમાં પગમાં સોજો, હાઈ બ્લડ પ્રેશર, ઓછું હિમોગ્લોબિન અને નબળા હાડકાંનો સમાવેશ થાય છે. તેમણે લોકોને કિડનીની બીમારીની વહેલી તપાસ માટે નિયમિત આરોગ્ય તપાસ કરાવવાનું સૂચન કર્યું હતું.

તેમણે કિડનીના વિકારોથી બચવા નિયમિત શારીરિક વ્યાયામ, સંતુલિત આહાર, વજન નિયંત્રણમાં રાખવા અને મીઠાનું સેવન મર્યાદિત કરવાની સલાહ પણ આપી હતી.

---

-પુલ, રૂપલ -(નવીન)

# Minister Kunwarji Bawaliya Botad

બોટાદ ખાતે કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાના અધ્યક્ષ સ્થાને સરપંચોને સન્માનીત કરવાનો કાર્યક્રમ યોજાઇ ગયો.

અમારા બોટાદ જીલ્લા ના પ્રતિનિધિ જણાવે છે  કે આ કાર્યક્રમમાં વર્ષ દરમિયાન એવા ગામડા કે જ્યાં એકપણ ગુન્હો ના બન્યો હોય તેમજ માત્ર બે જેટલા ગુન્હા બન્યા હોય તેવા  ૧૧૬ ગામડાના સરપંચો નું સન્માન કરવામાં આવ્યું. બોટાદ એસ.પી. કચેરી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં નેત્રમ યોજના અંતર્ગત કામ કરતા પોલીસ કર્મચારીયોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

--------------------------------------------------------------------

-પીટીસી, બોટાદ, કરણ -(નવીન)

# AMBAJI-PARKING

યાત્રાધામ અંબાજીમાં હવે વાહન પાર્કિંગમાં પણ ફાસ્ટેગની સુવિધા સજ્જ કરવામાં આવી છે. ટ્રાફિક સમસ્યા તથા ખાનગી પાર્કિંગ સંચાલકો દ્વારા લેવાતા આડેધડ પાર્કિંગ ચાર્જ ઉઘરાવવાની અનેકવાર ફરિયાદો  થતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેમ એરપોર્ટમાં પાર્કિંગ ફાસ્ટેગ દ્વારા જ કરવામાં આવે છે તેજ રીતે અંબાજીમાં પ્રાયોગિક ધોરણે એક પાર્કિંગમાં ફાસ્ટેગની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.

આ ફાસ્ટેગ વાળા પાર્કિંગમાં વાહનો અંદર પ્રવેશે ને જયારે પરત બહાર નીકળે ત્યારે નિયત કરાયેલા ચાર્જ ફાસ્ટેગમાંથી કપાઈ જાય છે. જેથી કરીને યાત્રિકોને લાંબી લાઈનો કે રોકડા તથા છુટા પૈસાની ઝંઝટમાંથી મુક્તિ મળશે.

---------------------------------------------------------------------

-ડીડી, રૂપલ -(નવીન)

# RAILWAY RAJKOT

પશ્ચિમ રેલવે મુસાફરોની સુવિધા માટે અને હોળીના તહેવાર દરમિયાન મુસાફરીની માંગને પહોંચી વળવા માટે રાજકોટ-લાલકુઆં વચ્ચે વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન ચલાવશે. આ ટ્રેન આગામી 25 માર્ચથી રાજકોટ થી સાડા દશ કલાકે ઉપડશે.

તેવી જ રીતે લાલકુઆંથી 24 માર્ચ એ ઉપડી બીજા દિવસે રાજકોટ પહોંચશે. આ ટ્રેન બંને દિશાઓમાં વાંકાનેર, સુરેન્દ્રનગર, મહેસાણા, પાટણ, મથુરા અને બરેલી સહિતના સ્ટેશનો પર રોકાશે. વિગતવાર માહિતી માટે, મુસાફરો રેલ્વેની વેબ સાઇટ પરથી મેળવી શકે છે.

---------------------------------------------------------------------

-પીટીસી, રાજકોટ, કરણ -(નવીન)

# Patan Natural Agriculture

પાટણ જિલ્લાના સમોડા ખાતે આત્મા પ્રોજેક્ટ તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ઉપક્રમે "પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ અને પ્રદર્શન" કાર્યક્રમ યોજાઇ ગયો.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે જિલ્લાના જુદા જુદા તાલુકાનાં પ્રાકૃતિક ખેતી કરતાં અંદાજિત ૫૦૦ થી પણ વધારે ખેડૂતો કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. જેમાં ખેતીવાડી ખાતાની જુદી જુદી યોજનાઓ વિષે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી.

પ્રગતિશીલ ખેડુત કામરેજ ચૌધરીએ ખેડુતોને પ્રાકૃતિક ખેતી વિશે માહિતી આપતા તેમના સ્વ અનુભવો વિશે ખેડૂતોને માહિતગાર કર્યા હતા.

-----------------------------------------------------------------------

-પીટીસી, પાટણ, કરણ -(નવીન)